પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૨૯ | ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૭, શુક્રવાર ; મહા સુદ - ૧૪/૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પૂર્વાંચલમાં ચૂંટણી પ્રચારનો મહાજંગ

## ઉત્તર પ્રદેશમાં સરકાર રચવામાં પૂર્વાંચલની ચાવીરૂપ ભૂમિકા : પૂર્વાંચલની કુલ ૧૩૦ બેઠક પર છઠ્ઠા અને સાતમા તબક્કામાં મતદાન થશે : નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી, માયાવતી અને અખિલેશ યાદવ આક્રમક મૂડમાં



લખનૌ,તા. ૯

ઉત્તરપપ્રદેશમાં જીત મેળવી લેવા માટે પૂર્વાંચલની હમેંશા ચાવીરૂપ ભૂમિકા હોય છે. આ બાબતને ધ્યાનમાં લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી, અખિલેશ યાદવ અને માયાવતી તમામ તાકાત લગાવી દેવાના પ્રયાસમાં છે. હવે પૂર્વાંચલમાં આક્રમક ચૂંટણી પ્રચાર માટે મહાજંગ ખેલાનાર છે. તમામની નજર હવે પૂર્વાંચલની ૧૩૦ સીટ પર કેન્દ્રિત થઈ ગયુ છે. અહીં છઠ્ઠા અને સાતમા તબક્કામાં મતદાન યોજનાર છે. ઉત્તરપ્રદેશમાં સત્તા હાંસલ કરવામાં પૂર્વાંચલની હમેંશા સૌથી મોટી ભૂમિક રહે છે. મતદારોને પ્રભાવિત કરવા માટે સૌથી પહેલા રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ ૧૧મી ફેબ્રુઆરીના દિવસે પ્રચાર કરનાર છે. રોડ શો અને રેલી કરીને તેમના કાર્યક્રમ બાદ બહુજન સમાજવાદી પાર્ટીના વડા માયાવતી પૂર્વાંચલમાં પ્રચાર કરવા માટે પહોંચનાર છે. આ ગાળા દરમિયાન માયાવતી તમામ

● અનુસંધાન પાન-૭ પર

# કોંગ્રેસે અનેક પૂર્વ પ્રધાનમંત્રીઓના સન્માન જાળવ્યા નથી

નવી દિલ્હી, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘને લઈને રેઈનકોટ વાળા નિવેદન બાદ આવ્યું છે તેવા કોંગ્રેસના પ્રહારો પર પ્રતિક્રિયા આપતા કેન્દ્રિય મંત્રી રવિશંકર પ્રસાદે આજે ફરીવાર આક્રમક નિવેદન કર્યું હતું. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે લાલબહાદુર શાસ્ત્રી, ચૌધરી ચરણસિંહ, આઈ.કે. ગુજરાલ, નરસિંમ્હારાવ, ચંદ્રશેખર જેવા

**ગાંધી પરિવારના દબાણમાં ઘણા પૂર્વ વડાપ્રધાનોનું અપમાન થયું : ૧૨ લાખ કરોડના કૌભાંડ માટે મનમોહનસિંઘ જવાબદાર : નરસિંમ્હારાવના પાર્થિવ શહેરને કોંગ્રેસ હેડક્વાર્ટરમાં પણ મુકવાની મંજુરી અપાઈ ન હતી : રાહુલ ગાંધીએ સરકારના વટહુકમને જ ફાડી નાખ્યો હતો**

રાજકીય ઘમસાણની સ્થિતિ સર્જાયેલી છે. કોંગ્રેસ તરફથી આકરી પ્રતિક્રિયા બાદ ભાજપ અને કેન્દ્ર સરકારે હવે વળતા પ્રહારો કર્યા છે. મનમોહનસિંઘનું અપમાન કરવામાં કહ્યું હતું કે મનમોહનસિંઘ ઉપર તરસ આવે છે. રવિશંકર પ્રસાદે અનેક કોંગ્રેસી વડાપ્રધાનો અને તેમની ગાંધી પરિવારથી થયેલા અપમાનનો મુદ્દો ઉઠાવ્યો હતો. રવિશંકર પ્રસાદે વડાપ્રધાન જેવા રહી ચુકેલા વડાપ્રધાન નેતાઓના ગાંધી પરિવારના દબાણ હેઠળ અપમાન કરવામાં આવ્યા હતા. રાહુલ ગાંધી દ્વારા ભારત

● અનુસંધાન પાન-૭ પર



# આખરે સચ્ચાઈની જ જીત થશે : પન્નીરસેલ્વમ

## રાજ્યપાલ વિદ્યાસાગર રાવ સાથે વાતચીત : અન્નાદ્રમુકના અધ્યક્ષ મંડળના વડા મધુસુદન તેમની સાથે જોડાતા પન્નીરસેલ્વમ છાવણીને મોટી રાહત



ચેન્નાઈ,તા. ૯

તમિલનાડુમાં જારી રાજકીય ઉથલ પાથલ વચ્ચે આજે કાર્યકારી મુખ્યમંત્રી ઓ.પન્નીરસેલ્વમ રાજ્યપાલ સી.વિદ્યાસાગર રાવને મળ્યા હતા. તેમને મળ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે આખરી વાસ્તવિકતાની જીત થશે. ધર્મની જીત થશે. પન્નીરસેલ્વમે એવા પ્રધાનો, ધારાસભ્યો, સાંસદો અને પાર્ટી કાર્યકરોનો પણ આભાર માન્યો હતો જે તેમને સમર્થન આપી રહ્યા છે. રાજ્યપાલને મળ્યા બાદ પન્નીરસેલ્વમે કહ્યું હતું કે તેઓ તમામ મંત્રીઓ, સાંસદો અને કાર્યકરોનો આભાર માને છે. અમારી સાથે અમ્માના આશિર્વાદ રહેલા છે. અધ્યક્ષ મંડળના ચેરમેન મધુસુદનના નેતૃત્વમાં અમે રાજ્યપાલને મળી ચુક્યા છીએ. ચોક્કસપણે

● અનુસંધાન પાન-૭ પર

# સર્ચ કરવા માટેના આઈટીને તમામ કારણ દર્શાવવા પડશે

## ઈન્કમ ટેક્સ વિભાગને કેટલીક સુચના અપાઇ : તાજેતરમાં ઈન્કમટેક્સ અધિકારીઓની દરમિયાનગીરી અને મનમાની વધી રહી હોવાની ફરિયાદો ઉઠી રહી છે

નવી દિલ્હી,તા. ૯

ઈન્કમ ટેક્સ વિભાગને હવે કોઈ પણ જગ્યાએ સર્ચ કરવા માટેના કારણો આપવા પડશે. ઈન્કમ ટેક્સ વિભાગના અધિકારીઓની દરમિયાનગીરી અને મનમાનીને લઈને હાલમાં આશંકા વધી રહી છે. આવી સ્થિતીમાં કેટલાક આદેશો જારી કરવામાં આવ્યા છે. ઈન્કમ ટેક્સ ઓથોરિટીને હાઈકોર્ટમાં એક સર્ટિફિકેશન નોટ આપીને કારણ દર્શાવવા પડશે. સર્ચ કેમ કરવામાં આવી હતી તે અંગે કારણો આપવા પડશે. અધિકારીઓને મનમાની કરવા માટે અધિકાર આપવામાં આવ્યા નથી. સીબીડીટીના ચેરમેન સુશીલ ચન્દ્રાએ કહ્યુ છે કે કેટલાક આદેશ જારી કરવામાં આવ્યા છે. તેમણે કહ્યુ છે કે કોઈ પણ શંકા ન રહે તે દિશામાં પગલા લેવાઈ રહ્યા છે. ચન્દ્રાએ કહ્યુ હતુ કે સર્ચની પ્રક્રિયા નક્કી કરવામાં આવેલી છે., આના માટે પહેલા મુખ્ય ડાયરેક્ટર જનરલ પાસેથી મંજુરી લેવી પડશે. કોઈ જુનિયર અધિકારીને પોતાના મનથી સર્ચ કરવા માટેની મંજુરી આપવામાં આવી નથી. ટેક્સ ઓથોરીટીને રેડ કરવા માટે વધારે સત્તા આપવામાં આવી છે તેવા અહેવાલોને રદિયો આપતા તેમણે કહ્યુ હતુ કે મનમાનીથી સર્ચ ક્યારેય કરવામાં આવતી નથી. સર્ચ અથવા તો સંપત્તિ જપ્ત કરવા માટે કોઈ વધારાના અધિકારો આપવામાં આવ્યા નથી.

સર્ચ માટે જે નોટ તૈયાર કરવામાં આવશે તે રીતે જ તપાસ ચાલી શકશે. આ નોટને કોર્ટમાં રજૂ કરવાની જરૂર રહેશે. આ નોટ સીલબંધ કવરમાં રાખવામાં આવનાર છે. કોર્ટ જો માગંશે તો તેને રજૂ કરવાની રહેશે. ચન્દ્રાએ કહ્યુ હતુ કે હજુ સુધી આ જ તરીકો રહ્યો છે. આ નોટમાં સર્ચ માટેના કારણો હોય છે. સાથે સાથે પુરાવા પણ આપવા પડે છે.

# ૪૮ કલાક નજર રાખ્યા બાદ કમાન્ડો મોત બનીને ત્રાટક્યા

## સર્જિકલ સ્ટ્રાઈકની વિસ્તૃત માહિતી સપાટી પર : ભારતીય સેનાના પેરાકમાન્ડો અને પેરાટ્રુપર્સના સહાસી અધિકારીઓની ટીમે ત્રાસવાદીઓને બોધપાઠ ભણાવ્યો

નવી દિલ્હી,તા. ૯

દુશ્મન પર આસમાનથી સટીક હુમલા કરવા માટે જાણીતા ભારતીય સેનાના કમાન્ડોના સર્જિકલ હુમલા અંગે નક્કર વિગત સપાટી પર આવી છે. દિવસે સન્માનિત કરવામાં આવી હતી. કેટલાક અધિકારીને મેડલ પણ આપવામાં આવ્યા હતા. આ ઓપરેશનની પ્લાલિંગ અને તેને અંજામ આપવા માટે ઘણા બધા લોકોનો હાથ છે. ફિલ્ડમાં જઈને દુશ્મન પર મોત બનીને ત્રાટકવા બદલ મેડલ કેમ આપવામાં આવ્યા તેને દર્શાવવા માટે સરકારે આ ઓપરેશનની વિગત હવે પુરી પાડી છે. આ દસ્તાવેજ સાથે જોડાયેલી વિગત એક અગ્રણી અગ્રેજી અખબાર પાસે આવીગઇ છે. દસ્તાવેજથી જાણવા મળે છે કે સર્જિકલ સ્ટ્રાઈકને અંજામ આપવા માટે ૧૯ પેરા કમાન્ડોની જોરદાર ભૂમિકા છે. આ દસ્તાવેજમાં તમામ માહિતી આપવામાં આવી છે. પૈરા રેજિમેન્ટની ચોથી અને નવમી બટાલિયનના એક કર્નલ, પાંચ મેજર, બે કેપ્ટન, એક સુબેદાર, બે નાયબ સુબેદાર, ત્રણ હવલદાર, એક લાન્સ નાયક અને ચાર પૈરાટ્રુપર્સે મળીને સર્જિકલ હુમલા કર્યા હતા. મિશનને અંજામ આપવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં રખાઈ હતી. મેજર રોહિત સુરીના નેતૃત્વમાં આઠ કમાન્ડોની એક ટીમને ત્રાસવાદીઓને બોધપાધ ભણાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી. મેજર સુરીની ટીમે પહેલા વિસ્તારની રેકી કરી



હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતીય સેનાની ખાસ ટુકડી પૈરાશુટ રેજિમેન્ટની બહાદુરીની અનેક વાર્તા રહેલી છે. તેમાં હવે વધુ એક સિદ્ધી ઉમેરાઇ ગઇ છે. ગયા વર્ષે ૨૯મી સપ્ટેમ્બરના દિવસે અંકુશ રેખા પાર કરીને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ભારતીય જવાનો ઘુસી ગયા હતા. આ ગાળા દરમિયાન ભારતીય કમાન્ડોએ ત્રાસવાદીઓ અને તેમના લોંચિગ પેડને ફુંકી માર્યા હતા. ટીમમાં આ રેજિમેન્ટના જવાનો પણ હતા. પૈરા કમાન્ડો અને પેરાટ્રુપર્સથી સજ્જ આ ટીમને ૨૬મી જાન્યુઆરીના

● અનુસંધાન પાન-૭ પર

# બસપાને ટેકો આપવા બુખારીનો અનુરોધ

## સમાજવાદી પાર્ટીએ વચન પાળ્યું નથી : ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના બે દિવસ પહેલા જ બુખારીના નિવેદનથી રાજકીય વર્તુળોમાં નવી ચર્ચાઓ

નવી દિલ્હી,તા. ૯

દિલ્હીના જામા મસ્જિદના શાહી ઈમામ અહેમદ બુખારીએ ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં બહુજન સમાજ પાર્ટીને સમર્થન આપવાની જાહેરાત કરી દીધી છે. એક ખાનગી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં ઈમામ બુખારીએ સમાજવાદી પાર્ટી પર વચનો ભંગ કરવાનો આક્ષેપ કર્યો હતો. ઈમા બુખારીએ બહુજન સમાજ પાર્ટીને સમર્થન આપવાની જાહેરાત એવા સમયે કરી છે જ્યારે યુપીમાં બે દિવસ બાદ પ્રથમ તબક્કા માટે મતદાન થનાર છે. ઉત્તરપ્રદેશમાં છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ઈમામ બુખારીએ સમાજવાદી પાર્ટીને સમર્થન




આપ્યું હતું. મુલામયસિંહ યાદવની સાથે એક મંચ ઉપર પણ પહોંચ્યા હતા. ૨૦૧૨માં સમાજવાદી પાર્ટી સત્તામાં આવી ત્યારે ઈમામ બુખારીના જમાઈ ઉમરઅલીખાન ચૂંટણીમાં હારી ગયા હતા. મોડેથી સમાજવાદી પાર્ટીએ પોતાના ક્વોટામાંથી ખાનને એમએલસી પણ બનાવ્યા હતા પરંતુ સમાજવાદી પાર્ટી અને ઈમામ બુખારીના મોડેથી મતભેદો સર્જાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### સાનિયા મિર્ઝાને સર્વિસ ટેક્ષ માટે નોટીસ



ભારતની સ્ટાર ટેનિસ પ્લેયર સાનિયા મિર્ઝાને આવકવેરા વિભાગ દ્વારા સર્વિસ ટેક્ષના મામલે નોટિસ આપી ૧૬મી ફેબ્રુઆરીએ હાજર થવાનું સમન્સ બજાવ્યું છે.

### અમેરિકાના રક્ષામંત્રીએ મનોહર પારિકરને ફોન કર્યો

અમેરિકાના નવ નિયુક્ત



રક્ષામંત્રી જેમ્સ મેટીસે ભારતના રક્ષામંત્રી મનોહર પરિકર સાથે વાત કરી અમેરિકા અને ભારત વચ્ચેના સંરક્ષણ બાબતોના મુદ્દાઓને વધુ ઘનિષ્ટ બનાવવાની પહેલ કરી છે.

### ઉત્તરાખંડમાં ત્રણ દિવસમાં મોદીની ચાર રેલી

ઉત્તરાખંડ વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર પરાકાષ્ટાએ પહોંચી



રહ્યો છે ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિવસમાં ચાર રેલી સંબોધશે. ૧૮મીએ હરિદ્વાર, ૧૧મીએ પિથોરાગઢ, ૧૨મીએ રૂદ્રપુર અને શ્રીનગરમાં તેઓ રેલી સંબોધશે.

### ચિત્રકોટના ધારાસભ્યની અનોખી કામગીરી

છત્તીસગઢના ચિત્રકોટ વિધાનસભા બેઠકના કોંગ્રેસી ધારાસભ્ય દિપક બૈજ વિકાસની



અનોખી કામગીરી કરે છે. બારૂપાટામાં ત્રણ કિલોમીટરનો માર્ગ પાંચસો ગ્રામવાસીઓની મદદથી જાતે જ દસ દિવસમાં પૂર્ણ કર્યો છે.

### કુમાર મંગલમ બિરલા વોડાફોન અને આઈડિયાના હેડ બનશે



આગામી દિવસોમાં દેશની બે મોટી ટેલીકોમ કંપનીઓ વોડાફોન અને આઈડિયા મર્જ થઈ રહી છે તેના હેડ તરીકે કુમાર મંગલમ બિરલા રહેશે

### કેશ ટ્રાન્ઝેક્શન પર ટેક્સનો નિર્ણય નથી થયો



છેલ્લા અઠવાડિયાથી કેસ ટ્રાન્ઝેક્શન પર ટેક્સ લગાવાઈ રહ્યાનો મેસેજ સોશીયલ મિડીયા પર વાયરલ થતાં ભારે ચર્ચા જાગી છે. જેના પગલે આર્થિક બાબતોના કેન્દ્રીય મંત્રી શશીકાન્ત દાસે જણાવ્યું હતું કે, આવો કોઈપણ નિર્ણય હજુ સુધી કરાયો નથી.

### હજુ જમા રકમના આંકડામાં સમય લાગશે

નોટબંધી બાદ ૮મી નવેમ્બરથી ૩૦ ડિસેમ્બર સુધીમાં કેટલી રોકડ બેંકમાં જમા થઈ તેની ગણતરીમાં હજુ થોડો સમય લાગશે તેમ રિઝર્વ બેંકના સુત્રોએ જણાવ્યું છે.







